Extra No. 268

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

વંચાણમાં લીધુ : સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/ ૦૪૨૦૨૬/ ૯૬૪૭ થી ૯૭૬૧

નં.ડીસી/સ્થા.સ્વ.ચું.૨૦૨૬/વશી. ૩૬૨૦ થી ૩૬૩૭/૨૦૨૬: આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્ર ની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

આ ચૂંટણીઓનું સરળ શાંતિપૂર્ણ સંચાલન થઈ શકે તેમજ ચૂંટણીઓ દરમ્યાન કોઈ ધમકીનું વાતાવરણ ઉભું ન થાય અને જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે જળવાઈ રહે તે સારૂ તકેદારીના પગલાં રૂપ મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા પર પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે આઇ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો કે જે વિસ્તારોમાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઇપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

- મત માટે પ્રચાર કરવો.
- મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.
- કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.
- અમુક ઉમેદવારને મત ન આપવા કોઈ મતદારને સમજાવવા.
- કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.
- ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.
- સેલ્યુલર / મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેઝર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.
- વાહનો સાથે આવવું.
- મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ પર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર / મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ તેમજ અન્ય જરૂરી ઉપકરણોનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નીમવામાં આવેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધીક્ષકશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 22:15:27 IST